જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૩/૦૭/૨૦૨૧ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૩૨૯/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૨/૦૭/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૬૩૪	૦	૧૧૬૩૪	૧૭૭૪૫	૦	૧૭૭૪૫
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૨	૦	૪૭૩૨	૬૨૬૭	૦	૬૨૬૭
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૦૧	૦	૧૦૧	૩૫૨	૦	૩૫૨
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૬૫૩૨૨	૧૭૮	૬૫૫૦૦	૬૫૯૪૪	૧૮૩	૬૬૧૨૭
કુલ		૮૧૭૮૯	૧૭૮	૮૧૯૬૭	૯૦૩૦૮	૧૮૩	૯૦૪૯૧

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૦૯	૩,૦૦,૪૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૫૫૭	૧૫,૫૭,૦૦૦/-

ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

નારોલ પોલીસ સ્ટેશન :

નારોલ પોલીસ સ્ટેશનનો હીરો હોન્ડા સી.ડી ડીલક્ષ ચોરીનો ગુનો ડિટેક્ટ કરી એક આરોપીને પકડી પાડતી ઇસનપુર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સા.શ્રી અમદાવાદ શહેર તથા મે.અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ સાહેબ તથા મે.નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૬ સાહેબ તથા મે.મદદનીશ પો.કમિ.શ્રી "જે" ડીવીજન સાહેબ નાઓ તરફથી મિલ્કત સબંધી ગુનાઓ બનતા અટકાવવા તથા વણ શોધાયેલ મિલ્કત સંબંધી ગુનાઓ શોધી કાઢવા અવાર-નવાર સુચનાઓ મળતી હોય જે બાબતે પોલીસ ઇન્સપેક્ટર શ્રી જે.વી.રાણા ઇસનપુર પોલીસ સ્ટેશન તથા સે.પોલીસ ઇન્સપેકટર શ્રી કે.બી સાંખલાનાઓના સિધા માર્ગદર્શન હેઠલ સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ ડી.જે.લકુમનાઓ સર્વેલન્સ સ્કોડના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમા ફરતા હતા દરમ્યાનમા તા.૨૧/૦૭/૨૦૨૧ ના કલાક ૧૧/૩૦ વાગે સુર્યનગર ગરનાળા પાસેથી અ.હે.કો કિશનભાઇ ભીખાભાઇ તથા લોકરક્ષક ભરતભાઇ લક્ષ્મણભાઇનાઓની સયુક્ત બાતમીથી આરોપી સાજીદ ઉર્ફે ખાનમામા મુસરતખાન આરીફખાન પઠાણ ઉ.વ ૩૨ રહે સહારા કિરાણા સ્ટોરની બાજુમા નવાબનગરના છાપરા નવાબ ચોક ચડોળા શાહઆલમ ઇસનપુર અમદાવાદ શહેરનાને હિરો હોન્ડા સી.ડી.ડીલક્ષ નં જી.જે-એ.એચ-૬૧૭૪ એ.નં 06J29E28641 તથા ચેચીસ નંબર 06J29F28530 જેની કિંમત રૂપિયા ૧૫,૦૦૦/-ના મુદ્દામાલ સાથે પકડી પાડી નારોલ પોલીસ સ્ટેશન ગુના નંબર પાર્ટ-એ-૧૧૧૯૧૦૬૫૨૧૧૨૫૩/૨૦૨૧ ઇ.પી.કો કલમ ૩૭૯ મુજબનો ગુનો શોધી કાઢેલ છે. તા.૨૨/૦૭/૨૦૨૧



રાણીપ પોલીસ સ્ટેશન :

પોકેટકોપ મોબાઈલ ફોન આધારે ચોરીના એક્ટીવા સાથે આરોપીને પકડી પાડતી રાણીપ પોલીસ

મે પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા મે સંયુક્ત પોલીસ કમિશ્નર સાહેબશ્રી સેક્ટર-૦૧ અમદાવાદ શહેર તથા મે ના પોલીસ કમિશ્નર સાહેબશ્રી ઝોન-૦૨ કારંજ ભવન અમદાવાદ શહેર તથા મે મ પો કમિ સાશ્રી 'એલ' ડિવિઝન અમદાવાદ શહેર નાઓ તમામ ઉપરી અધિકારી શ્રીઓની જરૂરી સુચના તથા માર્ગદર્શન હેઠળ રાણીપ પો સ્ટે હદ વિસ્તારમાં બનાતા મિલકત સબંધી ગુનાઓ અટકાવવા તથા બનેલ ગુનાઓ શોધી કાઢવા સારૂ પોલીસ ઇન્સપેક્ટર જે.બી.ખાંભલા તથા સર્વેલન્સ સ્કોડના પો સબ ઇન્સ એસ.એસ.ચૌધરી રાણીપ પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર નાઓની સુચના તેમજ સીધા માર્ગદર્શન હેઠળ સ્ટાફના એ.એસ.આઈ બીપીનકુમાર હરગોવિનદાસ બ.ન ૮૦૦૮ તથા અ.હે.કો પ્રદિપકુમાર થાવરાભાઇ બ.ન ૪૦૮૪ તથા પો.કો લાખાભાઇ દેહાભાઇ બ.ન ૬૯૨૫ નાઓ સાથે પેટ્રોલીંગ દરમ્યાન સાથેના અ.લો.૨ સુંડાભાઈ વિરમભાઇ બ.ન ૧૨૩૧૩ તથા અ.લો.૨ પ્રવિણભાઇ ઇશ્વરભાઇ ૧૨૨૯૫ નાઓ બન્નેની ખાનગી બાતમી હકીકત આધારે રાણીપ જી.એસ.ટી.ફાટક ત્રણ રસ્તા ખાતેથી આરોપી મિહીર સ/ઓ જયેશભાઇ ગોવિંદભાઇ જાતે વાઘેલા ઉ.વ ૧૯ ધંધો બેકાર રહે મ.ન ૨૭ પુનિત ફ્લ્લેટ , કામધેનુ એપાર્ટમેંન્ટની બાજુમાં રાણીપ બસ સ્ટેંન્ડની પાછળ રાણીપ અમદાવાદ શહેર મુ.વ ગામ પરબતપુરા તા.માણસા જિ ગાંધીનગર નાઓ પાસેથી એક સફેદ કલરનું હોન્ડા એક્ટીવાની આગળ પાછળ આર.ટી.ઓ નંબર નથી જેનો ચેસીસ નંબર ME4JF506AG7047359 તથા એન્જિન નં JF50E74047406 છે જે ચાલુ હાલતમાં ચાવી સાથેનું જેની કિ.રૂ.૩૫,૦૦૦/- જેટલી ગણી શકાય તેની ચોરી તેઓએ આજથી આશરે ત્રણ ચાર દિવસ પહેલા બપોરના સમયે ગુરૂકુળ ત્રણ રસ્તા સરકારી વસાહત ઘાટલોડીયા ખાતેથી ચોરી કરેલાની હકીકત જણાવેલ છે જે આરોપીને આજરોજ તારીખ ૨૧/૦૭/૨૦૨૧ વાગ્યે સી.આર.પી.સી કલમ ૪૧ (૧) ડી મુજબ પકડી અટક કરી મુદ્દામાલ સી.આર.પી.સી. કલમ ૧૦૨ મુજબ પંચનામાં વિગતે તપાસ અર્થે કબજે કરી આરોપી વિરુધ્ધમાં કાયદેસરની કાર્યવાહી કરી સારી કામગીરી કરેલ છે કાર્યવાહી હાલમાં ચાલુ છે

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૩૩૦/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૯ કેસ કરી, ૪૦ વ્યક્તિઓને ઝડપી, ૮૧ લીટર દેશી દારૂ, ૮૧ બોટલ ઇંગ્લીશ દારૂ, ૯૦ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૧ મોટર સાયકલ અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૨ કેસ કરી, ૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૦,૩૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૩૩૧/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૭૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૧૩૩૨/૨૦૨૧**

સોલા હાઈકોર્ટઃ પ્રકાશભાઇ પુંજાભાઇ બુનકર (ઉ.વ.૩૫) (રહે. સિલ્વર પર્લ ગણેશ મેરેડીયન પાછળ ઘાટલોડિયા) એ તા.૨૨/૦૭/૨૦૨૧ ના રોજ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે પ્રકાશભા બુનકરે સને ૨૦૧૧ સાલમાં રિલાયન્સ લાઈફ ઈન્સ્યુરન્સ ની ગેરંટી મની બેન્ક ની બે પોલીસી લીધી હતી. જેમાં એક પોલીસીનુ પ્રિનીયમ નહી ભરતા બંધ થઈ ગઈ હતી અને એક પોલીસી ચાલુ હતી. માહે ફેબ્રુઆરી/૨૦૨૦ થી જુન/૨૦૨૧ સુધીના સમયગાળા દરમ્યાન મોબાઈલ નંબર ૯૭૬૯૩૬૪૮૨૪ ના ધારકે પ્રકાશભાઈ બુનકરને ફોન કરી રિલાયન્સ લાઈફ ઈન્સ્યુરન્સ માંથી રાકેશસિંધ વાત કરતા હોવાનુ જણાવી પ્રકાશભાઈને બંધ થયેલ પોલીસીના નાણા પરત મળવાની વાત કરી હતી અને તેના માટે પ્રોસીઝર કરવી પડશે જેમાં વન ટાઈમ પીલીસીઓ લેવી પડશે તેમ જણાવી પ્રકાશભાઈ બુનકરના ઘરે અજાણી વ્યક્તિ મોકલી પ્રકાશભાઈના ઘરના સભ્યો તેમજ સબંધીઓની પોલીસીઓ લેવડાવી તમામના દસ્તાવેજ મેળવી લઈ પોલીસીના પ્રિમીયમ રૂપિયા ૫,૫૦,૨૪૪/- ભરાવડાવ્યા હતા. ત્યારબાદ માહે ફેબ્રુઆરી/૨૦૨૦ થી માહે જુન/૨૦૨૧ સુધીના સમયગાળા દરમ્યાન રાકેશસિંધ નામની વ્યક્તિએ મોબાઇલ નંબર ૮૧૦૮૨૬૭૯૫૫ ના ધારક અને પંજાબ નેશલન બેંકના એકાઉન્ટ નંબરના ધારક સંજય ઝા નામની વ્યક્તિના ખાતામાં ગુગલ પે થી કુલ રૂપિયા ૨૧,૦૦,૦૦૦/- ભરાવડાવી મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી જે.પી.જાડેજા ચલાવે છે.

સોલા હાઈકોર્ટઃ રાજેશ ભીખાભાઈ મિસ્ત્રી (ઉ.વ.૪૦) (રહે. પ્રાર્થના એલીગન્સ વંદેમાતરમ ગોતા) એ તા.૨૨/૦૭/૨૦૨૧ ના રોજ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે રાજેશ મિસ્ત્રીને પૈસાની જરૂર હોઈ ફેસબુક એપ ઉપરથી બજાજ ફાયનાન્સ નો સંપર્ક નંબર મેળવી લોન મેળવવા વાત કરી હતી. ત્યારબાદ તા.૨૨/૦૨/૨૦૨૧ ના રોજ મોબાઈલ નંબર ૯૯૨૪૫૪૮૪૯૫ ના ધારકે રાજેશ મિસ્ત્રીને ફોન કરી બજાજ ફાયનાન્સ માંથી વાત કરતા હોવાની ઓળખ આપી જણાવેલ કે તમને રૂપિયા ૨૦,૦૦,૦૦૦/- લોન મળી શકે જેની પ્રોસેસીંગ ફી ભરવી પડશે તેમ કહી રાજેશ મિસ્ત્રીને ખાતા નંબર આપી તેમા ગુગલ પે થી રૂપિયા ૨૧૦૦/- ભરાવડાવ્યા હતા ત્યારબાદ ફરી ફોન કરી લોનના ઈન્સ્યુરન્સ માટે પૈસા ભરવા પડશે તેમ કહી કુલ રૂપિયા ૧,૦૫,૦૮૦/- ભરાવડાવી લોન મંજુર નહી કરાવી તેમજ ભરેલ પૈસા પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ટી.આર.અકબરી ચલાવે છે.

નારણપુરાઃ દિનેશભાઇ માધવલાલ પટેલ (ઉ.વ.૫૧) (રહે. સહજાનંદ એવન્યુ એઇસી પાસે નારણપુરા) એ તા.૨૨/૦૭/૨૦૨૧ ના રોજ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૮/૦૩/૨૦૨૧ ના રોજ મોબાઈલ નંબર ૯૧૩૪૮૫૭૮૫૨ ના ધારકે દિનેશભાઇ પટેલને ફોન કરી એસ.બી.આઇ.બેંક રેલ્વેપુરા શાખા માંથી વાત કરતા હોવાની ઓળખ આપી દિનેશભાઈના બેંકમાં કેવાયસી અપડેટ કરાવવાની વાત કરી કેવાયસી અપડેટ નહી કરાવો તો તમારૂ બેંક બેલેન્સ ઝીરો થઇ જશે તેમ જણાવી દિનેશભાઈના મોબાઈલમાં ઓટીપી મોકલી દિનેશભાઈના મોબાઈલમાં આવેલ ઓટીપી નંબર જાણી લઇ દિનેશભાઈના બેંકના ખાતામાંથી રૂપિયા ૬૭,૫૦૦/- ઓનલાઈન ટ્રાન્સફર કરી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી વી.આર.ચાવડા ચલાવે છે.

નારણપુરાઃ શ્રીગુરૂદાસ શ્રીપાદરાવ કૈકીની (ઉ.વ.૭૪) (રહે. નવકાર ફ્લેટ, એવરબેલા ફ્લેટ સામે અંકુર રોડ પલ્લવ ચાર રસ્તા પાસે નારણપુરા) એ તા.૨૨/૦૭/૨૦૨૧ ના રોજ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૦/૦૯/૨૦૨૦ થી તા.૦૪/૦૭/૨૦૨૧ સુધીના સમયગાળા દરમ્યાનમાં મોબાઈલ નંબર (૧) ૯૬૭૫૬ ૨૩૫૩૨ વાત કરનાર ના ધારક જીવીકા શર્મા (૨) ૭૮૩૦૬૧૮૯૫૬ ના ધારક વાત કરનાર અવીનાશ સક્સેના (૩) ૮૫૫૭૯૯૭૭૩૫ ના ધારક વાત કરનાર અરૂણસિંહ (૪) ૭૨૯૧૯૬૪૬૯૧ ના ધારક વાત કરનાર રાજીવ અગ્રવાલ અને (૫) ૭૦૬૫૧ ૫૦૨૮૯ ના ધારક વાત કરનાર રમાકાંત દુબે નાઓએ ભેગા મળી શ્રીગુરૂદાસ કૈકીની ને વિશ્વાસમા લઇ ક્લેઇમ પાસ કરાવી આપવાનુ જણાવી ઇન્ટરનેટના માધ્યમથી વોટ્સએપ પર ક્લેઇમના તથા અન્ય લેટર મોકલી પ્રોસેસ માટે જુદી-જુદી રકમ ભરાવડાવી કુલ રૂપિયા ૪૬,૦૫,૦૦૦/- મેળવી લઇ વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી વી.આર.ચાવડા ચલાવે છે.

વાડજ: પંકજભાઇ મોતીભાઇ ડાભી (ઉ.વ.૩૨) (રહે. ચંદ્રભાગા હાઉસિંગ બોર્ડ ભાવસાર હોસ્ટેલ પાસે નવા વાડજ) એ તા.૨૨/૦૭/૨૦૨૧ ના રોજ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે મોબાઈલ નંબર ૯૭૦૭૪૬૬૦૪૪ અને ૯૭૮૧૩૬૮૮૯૬ ના ધારકે તેમજ અન્ય સ્ત્રીએ ભેગા મળી પંકજભાઈ ડાભીને ફોન કરી વિડીયો વાયરલ કરવાનુ કહી પંકજભાઈ ડાભીને ડરાવી તેમના ખાતામાં રૂપિયા ૬૬,૦૦૦/- ટ્રાન્સફર કરાવી મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી વી.આર.ચાવડા ચલાવે છે.

નવરંગપુરા: સુરેશ મીઠાઈલાલ વિશ્વકર્મા (રહે.વિષ્નુપાર્ક સોસાયટી, અર્બુદાનગર, ઓઢવ) એ તા.૨૨/૦૭/૨૦૨૧ ના રોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે સુરેશભાઈ સેન્ટ્રલ બેન્ક ઓફ ઈન્ડીયામાં નોકરી કરતા હોઈ તા.૦૩/૦૭/૨૦૨૧ ના રોજ પોતાને તથા ઓફીસ સ્ટાફને બપોરે જમવાનુ હોઈ જમવા માટે મોબાઈલમાં નજીકની હોટલ સર્ચ કરી મેરી ટોરેસ રેસ્ટોરન્ટનો સંપર્ક નંબર મેળવી સંપર્ક કર્યો હતો. ત્યારબાદ બીજા મોબાઈલ નંબર ૬૨૯૪૧૫૨૧૮૦ ના ધારકે સુરેશ વિશ્વકર્માને ફોન કરી મેરી ટોરેસ રેસ્ટોરન્ટના કર્મચારી વાત કરતા હોવાની ઓળખ આપી સુરેશ વિશ્વકર્માને ટેબલ બુક માટે ઓનલાઈન ફોર્મ ભરવુ પડશે તેમ કહી લીંક મોકલી લીંકમાં ફોર્મમાં સરનામુ અને મોબાઈલ નંબર સબમીટ કરાવ્યુ હતુ. આ સમયગાળા દરમ્યાન સુરેશ વિશ્વકર્માના ખાતામાંથી રૂપિયા ૩૫,૨૪૩/- ઓનલાઈન ટ્રાન્સફર કરી લઇ વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી આર.જે.ચુડાસમા ચલાવે છે.

કાલુપુર: અરૂણકુમાર જ્વાલાપ્રસાદ તુલ્સ્યાન (ઉ.વ.૬૧) (રહે. સત્યાગ્રહ છાવણી ભાવનિર્જર સેટેલાઇટ) એ તા.૨૨/૦૭/૨૦૨૧ ના રોજ કાલુપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૦/૦૬/૨૦૧૭ થી તા.૧૨/૦૫/૨૦૧૮ સુધીના સમયગાળા દરમ્યાન કાલુપુર ઘી કાંટા લક્ષ્મીવિષ્ણુ માર્કેટમાં આવેલ દુકાન નંબર-૬૧૫ ખાતે હાઇમાર્ક તથા મહાકાળી એપરલ્સ નામની પોતાની દુકાનમાંથી આરોપી પ્રદીપકુમાર વાસુદેવ શીરનાનીએ હાઇમાર્ક તથા મહાકાળી એપરલ્સ પેઢીના નામે જુદી-જુદી તારીખે જીન્સના કાપડના માલનો ઓર્ડર આપી માલના બાકી નીકળતા રૂપિયા ૮,૯૭,૩૭૮/- નહી ચુકવી વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જે.એમ.પરમાર ચલાવે છે.

નરોડા: અનિલકુમાર કનુભાઇ પરમાર (ઉ.વ.૨૩) (રહે. પ્રહલાદ પાર્ક જી.ઇ.બી. સામે દહેગામ રોડ નવા નરોડા) એ તા.૨૨/૦૭/૨૦૨૧ ના રોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૪/૦૫/૨૦૨૧ થી તા.૦૧/૦૬/૨૦૨૧ સુધીના સમયગાળા દરમ્યાન મોબાઈલ નંબર ૯૪૫૬૪૦૫૦૨૬, ૯૦૫૮૯૯૩૩૦૧, ૯૪૧૨૪૦૭૭૮૭, ૯૧૧૯૦૦૯૮૬૧, ૯૦૫૮૯૯૩૩૦૧, ૯૫૨૦૧૦૧૧૪૯ અને ૯૪૫૭૨૮૪૯૨૧ ના ધારકોએ એરપોર્ટ ખાતે નોકરી માટે વર્તમાન પત્રમાં જાહેરાત આપતા અનિલકુમાર પરમારે જાહેરાતમાં આપેલ નંબર ઉપર નોકરી માટે સંપર્ક કરતા અલગ-અલગ વ્યક્તિઓએ અનિલભાઈને ખોટી ઓળખ આપી જુદી-જુદી પ્રોસેસ ફી પેટે કુલ રૂપિયા ૭૩,૦૫૦/- ટ્રાન્સફર કરાવી મેળવી લઇ વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી પી.બી.ખાંભલા ચલાવે છે.

સાયબર ક્રાઈમઃ નરેશ થાવરદાસ ગુનાની ઉ.વ.૩૨ ધંધો-નોકરી રહે- એ/૧૦૨, દેવમ એપાર્ટમેંટ ગ્લોબલ ઇંટરનેશનલ સ્કુલ ની બાજુમાં ગોદરેજ ગાર્ડન સીટી જગતપુર રોડ એ તા.૨૨/૦૭/૨૦૨૧ ના રોજ સાયબર ક્રાઈમ ખાતે ફરીયાદ નોધાવી છે કે નવેમ્બર ૨૦૧૭ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી શાંતાનુ રાજીવ સિન્હા (રહે-કોલકત્તા) એ અંકીતા સિંગના નામનુ પરરુપ ધારણ કરી "ANKITA'S INVESTMENT GROUP" (AIG) નામના ગ્રુપમાં તથા "CRYPTO INVEST" નામની એપ્લીકેશનમાં ક્રીપ્ટો કરંસી ઇનવેસ્ટમેંટની જુદીજુદી સ્કીમોમાં રોકાણ કરવાથી પ્રોફીટ મળશે તેવી લોભામણી જાહેરાતો કરી વિશ્વાસ તથા ભરોષો મેળવી નરેશ ગુનાની પાસેથી સ્કીમોમાં જુદા-જુદા વોલેટોમાં જુદી-જુદી તારીખે ઓનલાઇન ઇન્ટરનેટ માધ્યમથી કુલ રૂપિયા ૪૭,૧૫,૪૬૦/- ભરાવડાવી વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એમ.એન.દેસાઈ ચલાવે છે.

<u>ચોરી :-</u> **<u>સમાચાર યાદી નં.૧૩૩૩/૨૦૨૧</u>**

દાણીલીમડા : અલ્લારખા અબ્દુલરસીદભાઇ કુરેશી (ઉ.વ.૩૭)(રહે.શુકુન પાર્ટી-પ્લોટની બાજુમાં સામરખા ચોકડી પાસે, આણંદ) એ તા.૨૨/૦૭/૨૦૨૧ સાંજના ૫/૦૦ વાગ્યાના સુમારે દાણીલીમડા કસાઇ જમાતના ખુલ્લા મેદાનમા પાર્ક કરેલ પોતાની વેગેનાર કાર નુ લોક ખોલી અગર તોડી અજાણી વ્યક્તિ કારમા મુકેલ કપડાની થેલી કે જેમા રોકડ રૂપિયા ૧૦,૦૦,૦૦૦/- મુકેલ હતા તે થેલીની ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની ફરીયાદ અલ્લારખા કુરેશીએ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.પી.ગરાસીયા ચલાવે છે.

વટવા : મનનભાઇ દિપકભાઈ પટેલ (ઉ.વ.૨૯)(રહે.રાજપથ બંગ્લોઝ, નિગમ બસ સ્ટેન્ડ પાસે, વટવા) એ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૨/૦૭/૨૦૨૧ બપોરના ૩/૦૦ થી સાંજના ૫/૦૦ સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરના પાછળના ખુલ્લા દરવાજામાંથી કોઈ અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, તીજોરીના લોકરમાંથી સોનાના દાગીના કિંમત રૂપિયા ૩,૮૦,૦૦૦/-, ચાંદીના દાગીના કિંમત રૂપિયા ૪૫,૦૦૦/- અને રોકડ રૂપિયા ૪,૦૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૮,૨૫,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એચ.વી.સીસારા ચલાવે છે.

<u>વાહન ચોરી :-</u> **<u>સમાચાર યાદી નં.૧૩૩૪/૨૦૨૧</u>**

ચાંદખેડા : જયરામભાઇ રામાભાઇ ભરવાડ (ઉ.વ.૩૫)(રહે,વૃદાવન પાર્ક સોસાયટી, વિશ્વકર્મા મંદીરની પાછળ, ચાંદલોડીયા) એ તા.૨૨/૦૭/૨૦૨૧ ના રોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૩/૦૭/૨૦૨૧ રાતના ૧૧/૧૫ થી તા.૦૪/૭/૨૦૨૧ સવારના ૭/૦૦ દરમ્યાન કોઇપણ સમયે મોટેરા રામદેવપીર મંદીરના સામે, નટરાજ ઓટો ગેરેજની આગળ રીપેરીંગ અર્થે મુકેલ પોતાનુ "સ્વરાજ" કંપનીનુ ટ્રોલી સાથેનુ ટ્રેકટર નંબર જીજે.૦૧.એલ.ક્યુ.૨૫૧૯ કિંમત રૂપિયા ૧,૫૦,૦૦૦/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એચ.ચૌધરી ચલાવે છે.

વાસણા : ચંદ્રકાંતભાઇ ઉર્ફે દિલીપભાઇ ચીમનલાલ ચુડાસમા (રહે.હરસિધ્ધિનગર પાણીની ટાંકી પાસે, લક્ષ્મીપુરા ગામની બાજુમાં, લાંભા બળિયાદેવ મંદિર પાછળ લાંભા) એ તા.૨૨/૦૭/૨૦૨૧ ના રોજ વાસણા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૮/૦૭/૨૦૨૧ રાતના ૮/૩૦ થી તા.૧૯/૦૭/૨૦૨૧ સવારના ૮/૩૦ વાગ્યા દરમ્યાન કોઇપણ સમયે વાસણા આકાશ-અમન પાર્ટી પ્લોટની બાજુમાં, અનંત ઓટો મોબાઇલ પાસે આવેલ બંધ જગ્યામાં પાર્ક કરી મુકેલ પોતાની સેન્ટ્રો કાર નંબર જીજે.૦૧.કે.એમ.૮૧૪૮ કિંમત રૂપિયા ૯૫,૦૦૦/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઇ હતી.આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.એચ.જાડેજા ચલાવે છે.

ટ્રેઇનની અડફેટે આવી જતા મૃત્યુ:- **સમાચાર યાદી નં.૧૩૩૫/૨૦૨૧**

ચાંદખેડા : ચાંદખેડા ત્રાગડ સાંઇ ઇન્ફ્રાટ્રેડર્સની નવી બનતી સાઇટ "સાંઇન સ્વસ્તી" ખાતે રહેતા અને ત્યાંજ કામ કરતા સોનુ ભગવાનસિંગ સિંગ (ઉ.વ.૩૦)(મુળ ગામ:-આયરા ખેડા, તા:- મોંટ, જી.મથુરા, ઉત્તરપ્રદેશ) તા.૨૧/૦૭/૨૦૨૧ રાતના ૧૦/૦૦ વાગે ત્રાગડ રેલ્વે ટ્રેક પોલ નંબર ૭૭૩/૨૪ અને ૨૬ ની વચ્ચે ટ્રેઇનની અડફેટે આવી જતાં પગમાં તેમજ શરીરે ગંભીર ઇજાઓ થતા સારવાર અર્થે તેમને સિવીલ હોસ્પીટલ ખાતે લાવતા સારવાર દરમ્યાન તા.૨૨/૦૭/૨૦૨૧ ના કલાક ૪/૩૦ વાગે તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી મહેન્દ્રભાઇ ભગવાનરાવ ચલાવે છે.

આત્મહત્યા:- **સમાચાર યાદી નં.૧૩૩૬/૨૦૨૧**

શાહપુર : ગૌતમભાઈ મોતીભાઈ કલેવડા (ઉ.વ.૩૭)(રહે.જોગણીમાતાની ચાલી, ગાંધીબ્રિજના છેડે શંકરભુવન શાહપુર) એ અગમ્ય કારણસર તા.૨૨/૦૭/૨૧ ના કલાક ૬/૩૦ વાગ્યા પહેલા કોઈપણ સમયે પોતાના ઘરના બીજા માળે આવેલ ઓરડીમા લાકડાની વળી સાથે લોખંડની પાતળી સાંકળ બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે શાહપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.ડી.સોલંકી ચલાવે છે.

અમરાઇવાડી : કરણભાઇ જયંતીભાઇ લેઉવા (ઉ.વ.૨૬)(રહે.ન્યુ જયભવાનીનગર પોસ્ટ ઓફીસની સામે, અમરાઇવાડી) એ અગમ્ય કારણસર તા.૨૨/૦૭/૨૦૨૧ બપોરના ૩/૦૦ થી ૪/૪૫ વાગ્યા દરમ્યાન કોઇપણ સમયે પોતાના ઘરે પ્રથમ માળે આવેલ રૂમની છતના હુકમાં સાડી બાંધી ગળેફાંસો ખાઇ લેતા સારવાર માટે તેમને એલ.જી.હોસ્પીટલ ખાતે લાવતા સાંજના ૫/૩૦ વાગે ફરજ પરના ડો.શ્રી એ કરણભાઇને મૃત જાહેર કર્યા હતા. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી મહેન્દ્રસિંહ રામસિંહ ચલાવે છે.

વટવા જી.આઇ.ડી.સી. : કલ્પીતભાઇ જયેશભાઇ જગડ (ઉ.વ.૨૦) (રહે.વિનોબાભાવેનગર, વટવા જી.આઇ.ડી.સી.) એ અગમ્ય કારણસર તા.૧૯/૦૭/૨૦૨૧ બપોરના ૧૨/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પોતાની જાતે એસીડ પી લેતા સારવાર માટે તેમને સિવીલ હોસ્પીટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યા સારવાર દરમ્યાન તા.૨૨/૦૭/૨૦૨૧ બપોરના ૩/૪૫ વાગે તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે વટવા જી.આઇ.ડી.સી. પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી બાબુભાઇ સાંજાજી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી